ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ નં. તા.૧૧/૦૨/૨૦૧૭

**<u>પં.દીનદયાળજીની પૂણ્યતીથિ</u> તા. ૧૧ થી ૧૭ ફેબ્રુઆરી સુધીમાં મેગા જોબ ફેર દ્વારા ૫૦,૦૦૦ યુવાનોને નોકરી આપવાનું મુખ્યમંત્રીશ્રી વિજયભાઈરૂપાણીની સરકારનું આયોજન – ભરત પંડયા**

**કોંગ્રેસ અને આપ પાર્ટી જયાં સત્તામાં છે ત્યાં માત્ર વાતો કરે છે અને જયા સત્તામાં નથી ત્યાં વિવાદ અને વેરઝેર ઊભા કરે છે.**

પ્રવકતાશ્રી ભરત પંડયાએ જણાવ્યુંહતું કે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રીનીતિનભાઈ પટેલની આગેવાનીમાં ચાલતી ફાસ્ટટ્રેક સરકારે ૫-૬ મહિનાના ટૂંકાગાળામાં પ્રજાહિત માટે ૨૫૦થી વધુ પારદર્શક અને ઝડપી નિર્ણયો લીધાં છે. આ અઠવાડિયામાં જ યુવાનો માટે બે મહત્વના નિર્ણયો લીધાં છે. તેનો સીધો લાભ મેડીકલ-પેરામેડીકલમાં ભણતા વિદ્યાર્થીઓઅને રોજગારવાંચ્છુ યુવાનોને મળવાનો છે ગુજરાત ભાજપ આ નિર્ણયને આવકાર આપે છે. મેડીકલ, પેરામેડીકલમાં ૩ પરીક્ષા આપવાને બદલે એક જ નીટ પરીક્ષા આપવાનો નિર્ણયથી લાખો વિદ્યાર્થીઓ અને વાલીઓને માનસિક રાહત થશે. આ નિર્ણયને સમગ્ર શિક્ષણ જગતે આવકાર્યો છે. વિદ્યાર્થીઓ, વાલીઓએ આ નિર્ણયથી ખુશી વ્યકત કરી છે.

**શ્રી પંડયાએ વધુમાં જણાવ્યું હતું કે, પં.દીનદયાળજીના “હર ખેત કો પાની, હર હાથ કો કામ” ના સુત્રને સાકાર કરતું ભાજપ ગુજરાત સરકારના પ્રયત્નોથી દેશમાં સૌથી વધુ રોજગાર આપતું રાજય એ ગુજરાત છે. છેલ્લાં ૧ વર્ષમાં એટલે ૨૦૧૬માં ૧૨૬૫થી વધુ રોજગાર મેળાઓ દ્વારા સરકારી, જાહેરક્ષેત્રમાં ૨.૩૦ લાખથી પણ વધુ રોજગારી આપવામાં આવી છે. છેલ્લા ડિસેમ્બરમાં ૨૭ જીલ્લામાં “મેગા જોબ ફેર” યોજીને ૨૭000થી વધુ યુવાનોને રોજગારી આપવામાં આવી હતી. છેલ્લા ૩ મહિનામાં ૬૭000 સરકારી નોકરી આપવાની શરૂઆત થઈ ગઈ. આ ઉપરાંત તા. ૧૧ ફેબ્રુઆરીથી ૧૭ ફેબ્રુઆરી સુધીમાં ૧૨ જેટલાં રોજગાર મેળા “મેગા જોબફેર” કરીને એક જ અઠવાડિયામાં ૫૦,૦૦૦ યુવાનોને નોકરી આપવાનું આયોજન કર્યું છે.**

શ્રી પંડયાએ જણાવ્યું કે, ગુજરાત ભાજપ સરકાર રોજગારીનું સર્જન કરીને દેશમાં ૭૨ ટકાથી પણ વધુ રોજગાર ગુજરાતે આવીને પ્રથમ નંબરે રહ્યું છે અને યુવાનોના હિતમાં કામ કરતી સરકાર છે તેની પ્રતિતી ગુજરાતના લાખો યુવાનો કરી રહ્યાં છે. ત્યારે કોંગ્રેસ અને આપ પાર્ટી જયાં સત્તામાં છે ત્યાં માત્ર વાતો કરે છે અને જયા સત્તામાં નથી ત્યાં વિવાદ અને વેરઝેર ઊભા કરે છે. તે ગુજરાતની જનતા જાણે છે.

**.- હર્ષદ પટેલ ,**
**મીડિયા સેલ કન્વીનર,**